RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 84, Dt.18-06-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# NEETમાં 0.001% ગરબડ હોય તો પણ નહીં ચાલે-સુપ્રીમ




## કોર્ટે એનટીએ અને કેન્દ્ર સરકારને નોટીસ પાઠવી જવાબ રજૂ કરવાનો આદેશ કર્યોઃ સુનાવણી દરમિયાન કોર્ટે એનટીએને ઘણા તિક્ષ્ણ પ્રશ્નો પૂછયાઃ વધુ સુનાવણી ૮ જુલાઈએ થશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

NEET UG પરીક્ષા પરિણામ ૨૦૨૪ના મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને એનટીએની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે જો કોઈની તરફથી ૦.૦૦૧% પણ બેદરકારી હોય, તો તેની સાથે સંપૂર્ણ રીતે કાર્યવાહી થવી જોઈએ. વિદ્યાર્થીઓએ પરીક્ષાની તૈયારી કરી છે અને તેમની મહેનત અમે ભૂલી ના શકીએ.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને એનટીએને કહ્યું કે, 'નીટ-યુજી વિરુદ્ધ દાખલ થયેલી અરજીઓને તેમનો વિરોધ કરાય છે એ રીતે ના લેતા. જો પરીક્ષા યોજવામાં ભૂલ થઈ હોય તો સ્વીકારો અને તેમાં સુધારા કરો.'નોંધનીય છે કે, આ કેસમાં આગામી સુનાવણી આઠમી જુલાઈએ યોજાશે.

પટણામાં નીટ પેપર લીકની તપાસ કરી રહેલી બિહાર પોલીસની આર્થિક ગુના શાખાની ટીમ આજે દિલ્હી જશે. સૂત્રોના જણાવ્યાનુસાર, ઈઓયુની ટીમે એનટીએ પાસે નીટના ઓરિજિનલ પ્રશ્નપત્રો માંગ્યા હતા.ત્યાર પછી આ ટીમ પટણાથી મળેલા એ બળેલા પેપરની સરખામણી ઓરિજિનલ પ્રશ્નપત્રો સાથે કરશે. આ ટીમે ૨૧મેના રોજ એનટીએને મૂળ પ્રશ્નપત્રો આપવાનું કહ્યું હતું, પરંતુ ૨૮ દિવસ પછીયે એનટીએને તે મળ્યા નથી. એનટીએના આવા વલણ પછી ઈઓયુની ટીમ પોતે એકશનમાં આવીને દિલ્હી જઈને તપાસ કરશે. નીટ યુજી ૨૦૨૪ પેપર લીક કેસમાં ઈઓયુ દ્વારા અત્યાર સુધીમાં ચાર પરીક્ષાર્થીઓ અને તેમના પરિવારના સભ્યો સહિત ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં ડીઆઈજી દ્વારા મળતી માહિતી મુજબ બધા આરોપી બિહારના છે. આ અંગે પૂછપરછ કરતા પટણામાં એક 'સેફ હાઉસ' સામે આવ્યું હતું, જ્યાં પરીક્ષાના એક દિવસ પહેલા ૩૦ થી ૩૫ ઉમેદવારોને જવાબો યાદ રાખવા માટે નીટ પ્રશ્નપત્ર આપવામાં આવ્યું હતું.

# અણુશસ્ત્રો વધારવાની હરિફાઈમાં ૨૫ વર્ષમાં પ્રથમ વખત પાક કરતાં ભારત આગળ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વમાં શાંતિની વાતો વચ્ચે અનેક દેશો વચ્ચે યુદ્ધ અને ભૌગોલિક ટેન્શન ચાલી જ રહ્યું છે. અણુશસ્ત્રો વધારવાની પણ હરિફાઈ છે ત્યારે ૨૫ વર્ષમાં પ્રથમ વખત પાકિસ્તાન કરતા અણુશસ્ત્રોમાં ભારત આગળ નીકળી ગયુ છે. પાકિસ્તાન પાસે ૧૭૦ અણુશસ્ત્રો છે જયારે ભારત પાસે અણુશસ્ત્રોની સંખ્યા ૧૭૨ની થઈ છે.




વિશ્વના દેશોના અણુશસ્ત્રો પર ટ્રેક રાખતા સંગઠન 'સીપરી'ના રિપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે પ્રથમ વખતે ચીન દ્વારા અણુશસ્ત્રોને 'હાઈ ઓપરેશનલ એલર્ટ' પર રાખવામાં આવ્યા છે. ટુંકા સમયમાં જ આક્રમણ કરવા માટે લાંબા અંતરની મિસાઈલો જેવા શસ્ત્રોને આ પ્રકારના પ્લેટફોર્મ પર મુકવામાં આવ્યા છે.

રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે, ભારત પણ ઘટનાક્રમ પર નજર રાખી રહ્યું છે. વિશ્વભરમાં અનેક ક્ષેત્રોમાં ભૌગોલિક ટેન્શન વધવાની સાથોસાથ અનિશ્ચિતતાનો માહોલ પણ વધી રહ્યો છે ત્યારે દુનિયાના દેશો અણુભંડાર વધુ મજબૂત અને આધુનિક બનાવી રહ્યાનું જણાય રહ્યું છે.

ભારતને લાગેવળગે છે ત્યાં સુધી એમ માનવામાં આવતુ હતુ કે, શાંતિ સમયમાં ભારતે અણુશસ્ત્રો લોંચ સ્થળો કરતા અલગ ઠેકાણા પર રાખ્યા છે પરંતુ ભારતે તાજેતરમાં કેટલાંક શસ્ત્રો દરિયાઈ પેટ્રોલીંગમાં ઉગરવાની સાથોસાથ ચોકકસ સ્થળોએ ખસેડયા હોવાના સંકેત છે. ભારતીય અણુ ડીલીવરી પ્લેટફોર્મમાં ફાઈટર જેટ, જમીન પરની અણુ મિસાઈલ તથા સબમરીન લોન્ચડ મિસાઈલનો સમાવેશ થાય છે.

સીપરીના રીપોર્ટમાં એમ કહેવાયુ છે કે, ભારતે ગત વર્ષે ૮ અણુશસ્ત્રોનો ઉમેરો કર્યો છે અને અણુશસ્ત્રોની કુલ સંખ્યા ૧૭૨ પર પહોંચી છે. પાકિસ્તાન પાસે ૧૭૦ અણુશસ્ત્રો છે. ૨૫ વર્ષમાં પ્રથમવાર અણુશસ્ત્રોની સંખ્યામાં ભારત પાકિસ્તાન કરતા આગળ નીકળી ગયુ છે. ભારત ૨૦૧૪થી અણુશસ્ત્રો વધારી રહ્યું છે. ૨૦૧૪માં ભારત પાસે ૧૦૦ અણુશસ્ત્રો હતો. ૧૯૯૯ પછી પ્રથમવાર પાકિસ્તાન કરતા ભારત પાસે વધુ અણુ હથિયારો થયા છે.

# યુપીમાં હીટસ્ટ્રોકથી ૨૪ કલાકમાં ૧૭૦ લોકોના મોત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તર પ્રદેશમાં કાળઝાળ ગરમી અને ગરમીનો પ્રકોપ યથાવત છે. ચોમાસામાં વિલંબના કારણે વરસાદની રાહ પણ લાંબી બની રહી છે. સ્થિતિ એવી છે કે ભારે ગરમી હવે જીવલેણ બની ગઈ છે. જો છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો અલગ-અલગ જિલ્લામાં કુલ ૧૬૯ લોકોના મોત થયા છે. પૂર્વાંચલના ચાર જિલ્લામાં ૫૦ લોકોએ જીવ ગુમાવ્યા, જેમાં એકલા વારાણસીમાં ૩૩ મળત્યુનો સમાવેશ થાય છે.

આ સિવાય ગાઝીપુર, મિર્ઝાપુર અને ચંદૌલી જિલ્લામાં હીટ વેવ અને હીટ સ્ટ્રોકના કારણે ૧૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. બુંદેલખંડ અને કાનપુર ડિવિઝનમાં સ્થિતિ વધુ ભયાનક છે. અહીં ૧૦૦ લોકોએ જીવ ગુમાવ્યા. કાનપુરમાં સૌથી વધુ ૨૬ મળત્યુ થયા છે, જ્યારે હમીરપુરમાં ૧૯, ચિત્રકૂટમાં ૧૪, ફતેહપુરમાં ૧૩, મહોબામાં ૧૨, બાંદા અને ઔરૈયામાં છ-છ,




જાલૌનમાં ત્રણ અને ફર્રુખાબાદમાં એકના મોત થયા છે. તે જ સમયે, ગરમી અને મોજાને કારણે -યાગરાજમાં ૮, કૌશામ્બીમાં ૫, પ્રતાપગઢમાં ૨ લોકોના મોત થયા છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલ આકરી ગરમીમાંથી કોઈ રાહત નથી. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બે દિવસમાં ચોમાસું વારાણસી થઈને ઉત્તર પ્રદેશમાં પ્રવેશ કરી શકે છે. જે બાદ તે ૪-૫ દિવસમાં સમગ્ર રાજ્યમાં સક્રિય થાય તેવી શકયતા છે. એવું કહેવામાં આવી રહ્યું છે .

# વડાપ્રધાન મોદી ૨૬ જૂને મૂકશે સ્પીકરના નામનો પ્રસ્તાવ, ૨૭ જૂને રાષ્ટ્રપતિનું અભિભાષણ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ભાજપે એનડીએના સહારે ત્રીજી વખત સરકાર બનાવ્યા બાદ નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન બન્યા છે, ત્યારે હવે લોકસભા અધ્યક્ષ પદની પસંદગી કરવાની બાકી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ૨૪ જૂનથી સંસદનું વિશેષ સત્ર શરૂ થશે, જે આઠ દિવસ સુધી યોજાશે. આ દરમિયાન ૨૪ અને ૨૫ જૂને નવા સાંસદોનો શપથગ્રહણ સમારોહ અને ૨૬ જૂને લોકસભા અધ્યક્ષની ચૂંટણી યોજાઈ શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દિવસે લોકસભા અધ્યક્ષ પદ માટે એનડીએના ઉમેદવારના નામનો પ્રસ્તાવ મૂકશે. અધ્યક્ષની ચૂંટણી બાદ વડાપ્રધાન મોદી મંત્રી પરિષદની રજૂઆત કરશે.





મળતા અહેવાલો મુજબ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ૨૭ જૂને અભિભાષણ કરશે. આ દરમિયાન રાષ્ટ્રપતિ લોકસભા અને રાજ્યસભાના જોઈન્ટ સત્રને સંબોધીત કરશે. ૧૮મી લોકસભાના પ્રથમ સત્રમાં નવા સાંસદોને શપથ લેવડાવશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ મુર્મૂ લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધિત કર્યા બાદ આગામી પાંચ વર્ષ માટે નવી સરકારના રોડમેપની રૂપરેખા રજુ કરશે.

લોકસભા ચૂંટણી-૨૦૨૪માં ઈન્ડિ ગઠબંધને ૨૩૫ બેઠકો જીતી છે, જેના કારણે નીચલા ગૃહને ૧૦ વર્ષ પછી વિપક્ષી નેતા મળશે. આ ઉપરાંત વિપક્ષ ઉપાધ્યક્ષ પદની ચૂંટણીની પણ આશા રાખી રહ્યું છે. વાસ્તવમાં છેલ્લા પાંચ વર્ષથી ઉપાધ્યક્ષ પદ ખાલી છે. ૧૭મી લોકસભામાં ઉપાધ્યક્ષ પદ પાંચ વર્ષથી ખાલી છે. ગૃહમાં કોઈ વિપક્ષી નેતા ન હોવાનું બીજી વખત બન્યું છે. સામાન્ય રીતે ઉપાધ્યક્ષનું પદ વિપક્ષને આપવામાં આવે છે.સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના નિવાસસ્થાને સંસદ સત્ર મુદ્દે રવિવારે મહત્ત્વની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડા, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, કિરણ રિજિજૂ, જેડીયૂ નેતા લલન સિંહ, ચિરાગ પાસવાન ઉપસ્થિત હતા. બેઠકમાં સંસદ સત્ર અને અધ્યક્ષ પદ માટે ગઉઅના ઉમેદવાર અંગે ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ લોકસભા અધ્યક્ષ પદ પોતાની પાસે રાખશે અને નાયબ અધ્યક્ષ પદ એનડીએના સાથી પક્ષને આપશે.

# રાહુલ ગાંધીની બે બેઠકની સસ્પેન્સનો અંત, રાયબરેલી પસંદ કરી, વાયનાડ પરથી પેટા-ચૂંટણી લડશે પ્રિયંકા ગાંધી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તર પ્રદેશની રાયબરેલી અને કેરાલાની વાયનાડ બેઠક પરના કોંગ્રેસના વિજેતા ઉમેદવાર રાહુલ ગાંધીએ છેવટે એક બેઠકની પસંદગી કરી લીધી છે. આ ઉપરાંત આ બે બેઠકોમાંથી એક બેઠકની પેટા-ચૂંટણીમાં પ્રિયંકા ગાંધીને મેદાનમાં ઉતરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.



કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મીડિયા સમક્ષ પ્રેસ કોન્ફરન્સ કરી હતી, જેમાં તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી રાયબરેલીના સાંસદ રહેશે. આ દરમિયાન તેમણે વાયનાડ બેઠક છોડવાનો નિર્ણય કર્યા બાદ વાયનાડ બેઠકની પેટા-ચૂંટણીમાં પ્રિયંકા ગાંધીને ઉતારવાની પણ જાહેરાત કરી છે. ખડગેએ પ્રિયંકા ગાંધીના જૂના સ્લોગન 'લડકી હૂં, લડ સકતી હૂં'નો ઉલ્લેખ કરી કહ્યું કે, તેઓ વાયનાડ માંથી પેટા-ચૂંટણી લડશે. આમ કોંગ્રેસે એક જ દિવસમાં બે મોટી જાહેરાત કરી છે.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી રાયબરેલી અને વાયનાડ લોકસભા બેઠક પરથી જીતી ગયા બાદ તેમણે આ બંને બેઠકોમાંથી કોઈ એકની પસંદગી કરવાની હતી. તેમણે આ નિર્ણય માત્ર એક દિવસની અંદર લેવાનો હતો. કારણ કે, નિયમ મુજબ ચૂંટણી પરિણામો આવ્યા બાદ ૧૪ દિવસની અંદર બેમાંથી એક બેઠક છોડવી ફરજીયાત છે. જો ૧૪ દિવસમાં એક બેઠક પરથી રાજીનામું ન અપાય તો બંને બેઠકો ખાલી માની લેવામાં આવે છે. નિયમ મુજબ કોઈપણ સભ્યએ લોકસભા અધ્યક્ષને લેખિતમાં રાજીનામું આપવાનું હોય છે. ત્યારબાદ રાજીનામું આપ્યાના છ મહિનાની અંદર તે બેઠક પર પેટા-ચૂંટણી કરાવવાની જોગવાઈ છે. તેથી નિયમ મુજબ આગામી છ મહિનાની અંદર વાયનાડ બેઠક પર પેટા-ચૂંટણી યોજાશે. રાહુલ ગાંધીની રાયબરેલી લોકસભા બેઠક પરથી ૩.૯૦ લાખ મતોથી અને વાયનાડમાંથી ૩.૬૪ લાખ મતોથી જીત થઈ હતી.

આ પહેલા રાહુલ ગાંધી આ બંને બેઠકો મામલે મૂંઝવણમાં હતાં. તેમણે ચૂંટણી પરિણામો બાદ વાયનાડની મુલાકાત લઈ જનતાનો આભાર માન્યો હતો અને તેમણે એવું પણ પૂછ્યું હતું કે, હું ક્યાંથી સાંસદ રહ્યું? તેમણે કહ્યું હતું કે, કઈ બેઠક છોડવી તે અંગે હું મૂંઝવણમાં છું. તેમણે એમ પણ કહી નાખ્યું હતું કે, 'હું વચન આપું છું કે વાયનાડ અને રાયબરેલી બંને મારા નિર્ણયથી ખુશ થશે. તમારા બધા સમર્થન બદલ આભાર અને ટૂંક સમયમાં તમને મળવા પાછો આવીશ.'

નહેરુ-ગાંધી પરિવારમાંથી આવતા કોંગ્રેસી નેતા બે બેઠકો પરથી ચૂંટણી જીત્યા હોય, તેવું પહેલીવાર બન્યું નથી. આવું પહેલા પણ થઈ ચુક્યું છે. ઈન્દિરા ગાંધીથી લઈને સોનિયા ગાંધી સુધી, બંને બે બેઠકો પર ચૂંટણી જીત્યા છે. ખાસ વાત એ છે કે, જેમ રાહુલ દક્ષિણ ભારતની એક અને ઉત્તર ભારતની એક બેઠક પરથી ચૂંટણી જીત્યા છે, તેવી રીતે અગાઉ ઈન્દિરા અને સોનિયા પણ જીત્યા હતા.

૨૫ જૂન ૧૯૭૫થી ૨૧ માર્ચ ૧૯૭૭ સુધીના ૨૧ મહિનાના સમયગાળા માટે ભારતમાં કટોકટી જાહેર કરવામાં આવી હતી. આ દરમિયાન ૧૯૯૭માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીએ રાયરબરેલીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ તેમણે ૧૯૮૦માં બે બેઠકો રાયબરેલી અને આંધ્રપ્રદેશની મેંડક માંથી લોકસભા ચૂંટણી લડી હતી અને બંને પર વિજય મેળવ્યો હતો. જીત બાદ બંને પરંપરાગત બેઠકોમાંથી એક બેઠક પસંદ કરવાની વાત આવી, તો તેમણે મેંડકની પસંદગી કરી હતી. ઈન્દિરાએ રાયબરેલી બેઠક પરથી લોકસભાના સભ્યપદે થી રાજીનામું આપ્યું હતું.ઈન્દિરા ગાંધીની જેમ સોનિયા ગાંધીએ ૧૯૯૯માં બે લોકસભા બેઠકો પર ચૂંટણી લડી હતી.

# રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૧૯૧ કરોડના વિકાસ કામોને અપાઈ મંજૂરી

## વોર્ડ નં.૧માં અમૃતમિશન ૨.૦ અંતર્ગત સીવેજ પમ્પીંગ સ્ટેશન-૧ તથા ૨ બનશે : કુલ ૬૮ દરખાસ્તોમાંથી ૬૫ને અપાઈ લીલીઝંડીઃ રૂ.૪.૯૧ કરોડના ખર્ચે સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડને જોડતા વોકળાને ડાયવર્ટ કરી નવુ બોક્સ કલ્વર્ટ બનાવાશે

**મુખ્ય સમાચાર રાજકોટ**

આજે આશરે ત્રણ માસ બાદ રાજકોટ મનપાને સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં આસરે ૧૯૧.૩૭ કરોડના નવા વિકાસકામોને મંજૂરી અપાઈ હતી. ચૂંટણી આચારસહિંતાના પગલે આ પહેલા કુલ ૨૪ દરખાસ્ત પેન્ડિંગ રખાઈ હતી. જેનો આ બેઠકમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. કુલ ૬૮ દરખાસ્તો સ્ટેન્ડિંગ સમક્ષ મૂકાઈ હતી. જેમાંથી ૬૫ને મંજૂરી અપાઈ હતી.





(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે જે દરખાસ્તો મંજૂર કરાઈ હતી તેમાં ખાસ કરીને વોર્ડ નં.૧માં રૂ.૧૫.૮૧ કરોડના ખર્ચે અમૃતમિશન બે અંતર્ગત ઘંટેશ્વર વિસ્તાર માટે સીવેજ પમ્પીંગ સ્ટેશન ૧ તથા ૨ બનાવાશે. વધુમાં રૂ.૪.૯૧ કરોડના ખર્ચે સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડને જોડતા વોકળાને ડાયવર્ટ કરી નવુ બોક્સ કલ્વર્ટ બનાવાશે વોર્ડ નં.૯માં ૧૫.૧૯ કરોડના ખર્ચે ડીઆઈ પાઈપ લાઈન નખાશે. વોર્ડ નં.૧માં ઘંટેશ્વર ગામ સહિતના વિસ્તારમાં ગ્રેનેજ લાઈન નાખવા પાછળ ૧૮.૧૪ કરોડના ખર્ચે થશે. રેસકોર્ષમાં આવેલ સ્વિમિંગ પૂલ પાસે ચિલ્ડ્રન સાવર રૂમ, કોચ રૂમ તેમજ સ્વિમિંગ પૂલની ટાઈલ્સ બદલાવા પાછળ ૧.૭ કરોડ ખર્ચાશે થશે. આ સિવાય મોટામોવામાં આવેલ ઈલેકટ્રિક સ્મશાનને ગેસ સ્મશાનમાં રૂપાંતરિત કરવાના કામ માટે ૧.૫૫ કરોડ ખર્ચાશે. શહેરમાં ગ્રેનેજના સફાઈ સાધનો વસાવવા માટે ૬.૬૪ કરોડ આ સાથે રાજકોટ મનપા હસ્તકના બીન ઉપયોગી વાહનોની હરરાજી થી ૪.૨૫ લાખની આવક થશે જયારે માછલીઘરના સંચાલન માટે સંચાલન ખાનગી સંસ્થાને સોપવાથી ૪.૫૧ લાખની આવક થશે.

આજે મળેલી બેઠકમાં શહેરના વર્ડ નં.૮માં ચન્દ્રેશનગર હેડવર્કસ આધારિત વિસ્તારોમાં હાઉસ હોલ્ડ અને બલ્કફ્લો મીટરના ઓપરેશન કામ અંગેની દરખાસ્ત તેમજ રાજકોટ મનપા હસ્તકના પ્લેનેટેરિયમ સંકુલના કોમ્પ્યુટર વિભાગનું સંચાલન અરવિંદભાઈ મણિયાઆર જનકલ્યાણ ટ્રસ્ટને સોંપવા તથા રાજકોટ શહેરમાં મલ્ટીલેવલ પાર્કિંગની ફિઝીબીલીટી સ્ટડી માટે કન્સલટન્ટની નિમણૂક કરવા અંગેની દરખાસ્ત નામંજૂર કરાઈ હતી. આજની બેઠકમાં સ્ટે.કમિટીના સભ્યો, વિવિધ શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ખાનગી સંસ્થા દ્વારા સંચાલન કરતી મિલક્તનું મોનીટરીંગ કરવા કમિટી રચાશે

રાજકોટમાં રામનાથપરા સ્મશાન, મોટામોવા સ્મશાન, ઈન્ડોર સ્ટેડીયમ, લાઈબ્રેરી સહિતની મનપાની જે સંસ્થાઓનું સંચાલન ખાનગી પાર્ટીને સોંપાયું છે. તેના પર મોનીટરીંગ કરવા ૨ થી ૩ સભ્યોની નિમણૂક કરાશે આ અંગે માહિતી આપતા જયમીન ઠાકરે જણાવ્યું કે ખાનગી સંસ્થાઓ દ્વારા જે પણ સંચાલન કરવામાં આવે છે. તે સુચારૂરૂપે થાય છે કે કેમ તે જોવા માટે ચૂટાયેલ પ્રતિનિધિ તેમજ શહેરની પ્રતિષ્ઠા ધરાવતી વ્યક્તિની નિમણૂક કરાશે.

### વોટરમીટર બનશે શોભાના ગાંઠીયાઃ મીટર નાંખવાનો પ્રોજેકટ પડતો મુકાયો

શહેરને સ્માર્ટ બનાવવા ભાજપના પદાધિકારીઓ દ્વારા થોડા વર્ષો પહેલા અન્ય મહાનગરોની જેમ રાજકોટમાં ૨૪ કલાક પાણી વિતરણ માટેનું સ્વપ્ન શહેરીજનોને દેખાડવામાં આવ્યું હતું જે માટે શહેરના અમુક વિસ્તારોમાં પાણીની લાઈન સાથે મીટર મૂક્વામાં આવ્યા હતા. પરંતુ રાજકોટમાં ૨૪ કલાક પાણી દેવુ શક્ય ન હોય તેવું જણાવી સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું કે આ પ્રોજેક્ટ હાલ પૂરતો મૂલત્વી રાખવામાં આવ્યો છે. આમ મીટર શોભાના ગાંઠિયા બન્યા છે.

# જામનગરના દિગ્જામ સર્કલ પાસે ગાંજા સાથે શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના દિગ્જામ સર્કલ પાસેથી ગાંજાના જથ્થા સાથે એક શખ્સને જ્યત્ર્ઘ પોલીસે દબોચી લીધો જામનગર શહેર અને જિલ્લામાં નશાખોરી રોકવા માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ત્યારે શહેરના સર્કલ પાણીના ટાંકા પાસેથી એક શખ્સને ગાંજાના જથ્થા સાથે જ્યત્ર્ઘ પોલીસે ઝડપી પાડ્યો હતો.જ્યત્ર્ઘ પોલીસ સ્ટાફ શહેરમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા, તે દરમિયાન જ્યત્ર્ઘ સ્ટાફના બલભદ્રસિંહ જાડેજા વિરેન્દ્રસિંહ જાડેજા અને દિનેશભાઈ સાગઠીયાને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, મનોજ કોળી નામનો શખ્સ જે પાલનપુર જિલ્લો બનાસકાંઠામાં રહે છે તે વિમલના થેલામાંથી ગાંજો લઈને જામનગર દિગ્જામ સર્કલ પાસે આવેલા મહાનગરપાલિકાના પાણીના ટાંકાના



ગેઈટ પાસે બેઠો છે અને તેણે ગ્રે કલર નો ચેક્સ વાળું શર્ટ અને ગ્રે કલરનું પેન્ટ પહેરેલ છે. જેથી જ્યત્ર્ઘ પોલીસે મનોજ કોળી નામના શખ્સને દબોચી લીધો. તેની પાસેથી ૨ કિલો ૮૦૦ ગ્રામ ગાંજો જેની કિંમત રૂપિયા ૨૮૦૦૦ તથા અન્ય મુદ્દા માલ કબજે કર્યો જેમાં કુલ મળીને ૩૮,૦૦૦ નો મુદ્દામાલ SOG પોલીસે કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.તેમજ ૨ કિલો ૮૦૦ ગ્રામ ગાંજા સાથે ઝડપાયેલો શખ્સ મનોજ હરિસિંગ કોળી રહે માનસરોવર ફાટક પાસે આવેલ ઝૂંપડપટ્ટીમાં ભેગા બંગલો પાલનપુર જિલ્લો બનાસકાંઠા નો રહેવાસી છે તેને એસઓજી પોલીસે N.D.P.S એક્ટ મુજબ અટક કરી અને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.અને પોલીસે એનડીપીએસ એક્ટ કલમ ૮,(સી) ૨૦(બી) ,૨(બી) મુજબ ની ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# જામનગરની જીજી હોસ્પિટલમાં યુવકની થયેલી હત્યા મામલે ચાર શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના શાંતિનગર વિસ્તારમાં રહેતા એક યુવાન પર તેના જ મિત્ર એવા દારૂના ધંધાર્થીએ પોલીસમાં બાતમી આપવાની શંકા વહેમ રાખીને ગુપ્તી વડે હુમલો કરી દઈ હત્યા નિપજાવી હતી. જે હત્યાના બનાવ પછી ચારેય હુમલાખોર આરોપીઓ ભાગી છુટ્યા હોવાથી પોલીસે કોસિબિન્ગ ગોઠવી તમામને ઝડપી લીધા છે, અને રિમાન્ડની માંગણી કરવામાં આવી રહી છે.જામનગરમાં શાંતિનગર વિસ્તારમાં રહેતા ધર્મેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ ઝાલા (ઉંમર વર્ષ ૩૨) ઉપર તેના જ મિત્ર અને દારૂના ધંધાર્થી



જયપાલસિંહ ગુલાબસિંહ ચુડાસમા, અને તેના ૩ સાગરીતો ઊર્મિલ ઉર્ફે ઉમો દિનેશભાઈ રાઠોડ, પ્રણવદીપસિંહ ઉર્ફે પાંચો વાઘેલા અને અક્ષય રાજસિંહ પરમાર વગેરેએ દારૂ અંગેની પોલીસમાં અમારી બાતમી કેમ આપે છે, તેમ કહી હુમલો કરી હત્યા નિપજાવી હતી આ ચારેય આરોપીઓ સામે સીટી બી. ડિવિઝન પોલીસે આઈપીસી કલમ ૩૦૨ તથા અન્ય જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો, અને તમામ આરોપીઓની ધરપકડ કરી લઈ રિમાન્ડ પર લેવામાં આવ્યા છે. આ પ્રકરણમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ, તેની પણ પૂછપરછ ચલાવાઈ રહી છે.

# મોરબીમાં પ્રોહીબીશનના ગુનામાં ફરાર આરોપીને બનાસકાંઠાથી દબોચી લેતી પેરોલ ફર્લો સ્કવોડ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પેરોલ ફર્લો સ્કવોડ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે પ્રોહીબીશન કેસમાં નાસતા ફરતા આરોપીને બનાસકાંઠા જીલ્લાના થરા વિસ્તારમાંથી ઝડપી લઇ હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી પેરોલ ફર્લો સ્કવોડ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશન એક્ટ કલમ હેઠળના ગુનાનો આરોપી બ્રિજરાજસીંહ કૃષ્ણસીંહ ઝાલા હાલ બનાસકાંઠાના થરા ટાઉન વિસ્તારમાં હોવાની ચોકકસ બાતમી



મળતા તુરંત એક ટીમ મળેલ બાતમી મુજબની જગ્યાએ તપાસ કરતા આરોપી બ્રિજરાજસીંહ કૃષ્ણસીંહ ઝાલા ઉવ.૩૨ રહે.મોરબી, દાઉદી પ્લોટ શેરી નં.૨ તા.જી.મોરબીવાળો મળી આવતા આરોપીને હસ્તગત કરી પેરોલ ફર્લો સ્કોડ, મોરબીની કચેરી ખાતે લાવી પ્રોહીબીશનના ગુનામા સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(આઇ) મુજબ અટક કરી આગળની કાર્યવાહી અર્થે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરી છે.

# જામનગર કલેકટર કચેરીના સભાખંડમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અને કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ હતી. બેઠકમાં ધારાસભ્યો મેઘજીભાઈ ચાવડા અને હેમંતભાઈ ખવાના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી અને તે અંતર્ગત કાર્યવાહી કરવા કલેક્ટર બી.કે. પંડ્યાએ લગત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. ધારાસભ્યઓએ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં દબાણો દૂર કરવા, જમીન માપણી અંગેની કામગીરી,



ખેતીવાડી વિભાગના પ્રશ્નો, રોડ રસ્તાના પ્રશ્નો, પીજીવીસીએલની કામગીરી, પાણી પૂરવઠા વિભાગના પ્રશ્નો, પંચાયત અને સિંચાઈ વિભાગના પ્રશ્નો, આંગણવાડી વિભાગને લગત રજૂઆતો સહિતના મુદ્દાઓ બાબતે રજૂઆત કરી હતી.

જિલ્લા કલેક્ટરએ જામનગરના વિકાસને ધ્યાને રાખીને કામગીરી વધુ સારી રીતે થઇ શકે તે માટે વિવિધ કચેરીઓના અધિકારીઓ-કર્મચારીઓને સક્રિયતા દાખવવા અને કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા માટે આયોજન કરી તેનો અમલ કરવા સૂચના આપી હતી.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેક્ટર બી.એન. ખેર, નાયબ વન સંરક્ષક આર ધનપાલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, સંલગ્ન પદાધિકારીઓ અને અધિકારીઓ, પ્રાંત અધિકારીઓ તથા વિવિધ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# જામનગર રોજગાર કચેરી દ્વારા ભરતીમેળો યોજાયો: ૨૧૨ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મદદનીશ નિયામક રોજગારની કચેરી, જામનગર ખાતે દરેક યુવાનોને રોજગાર મળે એવા આશય સાથે જોબફેરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મદદનીશ નિયામક રોજગાર.ની ક્ચેરી જામનગરના મદદનીશ નિયામક.રોજગાર કું.સરોજબેન સાંડપા તેમજ જિલ્લા રોજગાર કચેરી જામનગરનો સમગ્ર સ્ટાફ અને આ જોબફેરમાં ૨૩૫ રોજગારવાંચ્છુ ઉમેદવાર ભાઈઓ બહેનો ઉપસ્થિત રહેલ. તેમજ ૧૮ જેટલા ખાનગી એકમોના નોકરીદાતાશ્રીઓ હાજર રહેલ.

રોજગાર મેળા અંતર્ગત સી.એન.વી. ઇન્સ્પેકટર એસ.એન.ધમસાણીયા દ્વારા દ્વારા જોબફેર વિશે રોજગારીની તકો તથા કચેરીની કામગીરી વિશે ઉમેદવારો અને નોકરીદાતાઓને પ્રેરણારૂપ માર્ગદર્શન





આપવામાં આવેલ.ત્યારબાદ પ્લેસમેન્ટ ઓફિસર દ્વારા સ્વરોજગાર તેમજ રોજગાર રજીસ્ટ્રેશન અને અનુબંધમ પોર્ટલ વિશે તેમજ જોબફેરની વેંકેન્સી વિશે માહિતી આપેલ. વિવિધ નોકરીદાતાઓ દ્વારા એમની કંપનીઓની પ્રાથમિક માહિતીઓ પણ ઉમેદવારોને આપવામાં આવેલ.

આ જોબફેરમાં ૧૮ જેટલી ખાનગી એકમોના નોકરીદાતાશ્રીઓ દ્વારા હાજર ઉમેદવારો ૨૩૫ નું સ્થળ પરજ ઈન્ટરવ્યું લેવામાં આવેલ. જેમાં જોબફેરના અંતે ૨૧૨ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવેલ. આ જોબફેર માટે નોકરીદાતાઓ પાસેથી ૨૨૭ વેંકેન્સી મેળવવામાં આવેલ હતી. ભારતીબેન ગોજીયા દ્વારા દરેકનો આભાર વ્યક્ત કરેલ. આ જોબફેર કાર્યક્રમનું સંચાલન પ્લેસમેન્ટ ઓફિસર વીરેન્દ્રસિંહ વાઢેર દ્વારા કરવામાં આવ્યું હતું. રોજગાર ક્ચેરીના દરેક સ્ટાફની જહેમત દ્વારા આ જોબફેર સફળતાપૂર્વક સંપન્ન થયેલ.

# મોરબી જીલ્લાની એકમાત્ર ઓસેમ સીબીએસસી સ્કુલની હાઈબ્રીડ લર્નિંગ પ્રોજેક્ટ માટે પસંદગી

## પાઈલટ પ્રોજેક્ટ માટે સમગ્ર દેશના ૭૬૬ જીલ્લામાં કુલ ૮૪૦ સ્કુલની પસંદગીમાં મોરબી જીલ્લાની એકમાત્ર સ્કુલની ઓસેમની પસંદગી: મોરબી જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠીના વરદ્ હસ્તે ઓસેમ સીબીએસસી સ્કૂલ ખાતે હાઈબ્રીડ લર્નિંગનો શુભારંભ





**મુખ્ય સમાચાર, મોરબી**

તાજેતરમાં સીબીએસસી બોર્ડ દ્વારા હાઈબ્રીડ લર્નિંગ- એડવાન્સ લર્નિંગ પ્રોગ્રામ જાહેર કરવામાં આવ્યો છે, જે અંતર્ગત સમગ્ર દેશના ૭૬૬ જીલ્લાઓમાંથી કુલ ૮૪૦ શાળાઓની પસંદગી બોર્ડ દ્વારા કરવામાં આવી છે. જેમાં સમગ્ર મોરબી જીલ્લામાંથી ઓસેમ સીબીએસસી સ્કુલની હાઈબ્રીડ લર્નિંગ પ્રોજેક્ટ માટે પસંદગી પામી સમગ્ર મોરબી જીલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

આ તકે મોરબી જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠી, શિક્ષણ વિભાગના એ.ઇ.આઇ ફાલ્ગુનીબેન ગોસ્વામીના વરદ્ હસ્તે હાઈબ્રીડ લર્નિંગના પાઈલટ પ્રોજેક્ટનું ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. ત્યારે મોરબી જીલ્લા એસ.પી. રાહુલ ત્રિપાઠીએ સમગ્ર દેશની ૮૪૦ શાળાઓમાં પસંદગી પામવા બદલ શાળાના ટ્રસ્ટી સુમંતભાઈ પટેલ, નારૂભા જેઠવા સર, સિધ્ધાર્થભાઈ રોકડ, સુર્યરાજસિંહ જેઠવા, પ્રિન્સિપાલ દીપાબેન શર્મા, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સીબીએસસી બોર્ડ દ્વારા પાઈલટ પ્રોજેક્ટ માટે આર્મી સ્કૂલ, આદિત્ય બિરલા સ્કૂલ, જીડી ગોએન્કા સ્કૂલ જેવી વિશ્વ વિખ્યાત શાળાની પસંદગી કરવામાં આવી છે તેમાં મોરબી જીલ્લાની ઓસેમ સીબીએસસી શાળાની પસંદગી થતા મોરબી જીલ્લાનું રાષ્ટ્રીય કક્ષાએ ગૌરવ વધાર્યુ છે.

# મોરબી સબજેલમાં રહેલા મુસ્લિમ બંદિવાનો દ્વારા બકરી ઇદની નમાઝ અદા કરાઈ







**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** દેશભરમાં ઈદ-ઉલ-અઝહા એટલે કે બકરી ઈદનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. દેશભરમાં ધામધૂમથી તેની ઉજવણી થઇ રહી છે. ત્યારે મોરબી સબ જેલમાં પણ બકરી ઈદની ઉજવણી કરાઈ હતી.

મોરબી સબ જેલમાં રહેલા મુસ્લિમ બંદિવાનો દ્વારા બકરી ઈદની ઉજવણી કરાઈ હતી. મોલાના ઈશાકભાઈ દ્વારા મોરબી સબ જેલમાં રહેલ મુસ્લિમ ભાઇઓને ઇદની નમાજ પઢાવવામાં આવી હતી. સદર પર્વ દરમ્યાન મોરબી સબ જેલના ઇ.ચા.અધિક્ષક ડી.એમ.ગોહેલ સાહેબ તથા ઇ.ચા.જેલર એ.આર.હાલપરા સાથે જેલ સ્ટાફ દ્વારા પુરતો સાથ-સહકાર આપવામાં આવ્યો હતો.

# હળવદમાં સ્વ.પુનરવસુભાઈ રાવલની પૂણ્યસ્મૃતિમાં આકર્ષક પ્રવેશ દ્વારનું ભૂમિપૂજન કરવામાં આવ્યું

## હળવદ ધ્રાંગધ્રાના ધારાસભ્ય, મોરબી જીલ્લા ભાજપ પ્રમુખ સહિત અનેક રાજકીય આગેવાનોની ઉપસ્થિતિ

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદના હાર્દ સમા સરા ચોકડી ખાતે ગૌરવ પથ પર હળવદની શોભામાં અભિવૃદ્ધિ થાય તેવા શુભ આશયથી સ્વ.પુનરવસુભાઈ એચ રાવલની પુણ્ય સ્મૃતિમાં તેમના પુત્રો મનીષભાઈ અને કેદારભાઈ રાવલ દ્વારા હળવદના સર્વનગરજનોના શુભ આશીર્વાદથી ભવ્યતિભવ્ય નવ નિર્મિત આકર્ષણ પ્રવેશદ્વારનું ભુમિ પુજન કરવામાં આવ્યું હતું,જે અંદાજિત ૧૫ લાખથી વધુ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે.

જેનું ભૂમિ પૂજન તેમના પુત્ર





મનીષભાઈ રાવલ અને કેદારભાઈ રાવલ હસ્તે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હળવદ સ્વામિનારાયણ મંદિર મહંત ભકિતનંદન સ્વામી, લક્ષ્મીનારાયણ મંદિરના મહંત દિપકદાસજી મહારાજ, હળવદ નાં ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, અગ્રણી ઉદ્યોગપતિ જશુભાઈ પટેલ, મોરબી જિલ્લા ભાજપ પ્રમુખ રણછોડભાઈ દલવાડી, હળવદ શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ,વેપારીના મહામંડળના પ્રમુખ વિનુભાઈ પટેલ, મોરબી જિલ્લા ડીજીપી વિજયભાઈ જાની, અગ્રણી બિલ્ડર દીપકભાઈ જોશી,દાદભાઈ ડાંગર,ડો અનીલભાઈ પટેલ, રમેશભાઈ ભગત, ધનશ્યામભાઈ દવે,તેમજ હળવદ ચીફ ઓફિસર તુષાર ઝાલોરીયા,હળવદ પીઆઇ આર ટી વ્યાસ, મામલતદાર સહિતના અધિકારીઓ,રાજકીય આગેવાનો, શહેરીજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં વરિયા પ્રજાપતિ શિક્ષણ સમિતિ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

## ડીડીઓ જે. એસ. પ્રજાપતિએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી : મોરબીમાં જિલ્લા સેવા સદન પાછળ આવેલા રેમંડ પાર્ટી પ્લોટ ખાતે ગત તારીખ ૧૫ જૂન ને શનિવારના રોજ મોરબી, માળિયા, ટંકારા અને હળવદમાં વસતા વરિયા પ્રજાપતિ સમાજના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં ધોરણ ૧ થી કોલેજ સુધીના ૮૨ જેટલાં વિદ્યાર્થી તેમજ રમત ગમત ક્ષેત્રે વિશેષ્ટ સિદ્ધિ પામેલા વિદ્યાર્થી અને સ્પર્ધામાં વિજેતા થયેલા ૪૦ જેટલાં યુવક-યુવતીઓ અને બાળકોને સન્માનિત કરાયા હતા.





કાર્યક્રમમાં પ્રજાપતિ સમાજના બાળકો દ્વારા ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રભાવના જાગૃતિના પ્રેરણાત્મક કાર્યક્રમો રજુ કરાયા હતા. વિદ્યાર્થી સન્માન સમારોહમાં ધોરણ ૧૦, ૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને રનિંગ શિલ્ડ આપી વિશેષ સન્માનિત કરાયા હતા. સમાજના દાતાઓના સહયોગથી સન્માનિત વિદ્યાર્થીઓને શિક્ષણ ઉપયોગી કીટ અને રોકડ પુરસ્કાર અને શિક્ષણ સમિતિ દ્વારા શિલ્ડ અને પ્રમાણપત્રો આપીને સન્માનિત કરાયા હતા.

પ્રાસંગિક ઉદબોધનમાં મોરબી જિલ્લા વિકાસ અધિકારી જે. એસ. પ્રજાપતિ, ડે. કલેક્ટર સુશીલ પરમાર અને આરટીઓ અધિકારી રોહિત પ્રજાપતિએ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સિવિલ સર્વિસ પરીક્ષાઓની તૈયારી અને પદ્ધતિ પર વિસ્તૃત માર્ગદર્શન આપી દરેક વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં પ્રજાપતિ સમાજના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શ્રી વરિયા પ્રજાપતિ શિક્ષણ સમિતિ-મોરબીના યુવા કાર્યકર્તાઓએ જેહમત ઉઠાવી હતી.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે મોરબી જિલ્લા વિકાસ અધિકારી જે. એસ. પ્રજાપતિસ ડે. કલેક્ટર શુશીલ પ્રજાપતિ, આરટીઓ અધિકારી રોહિત પ્રજાપતિ, જેટકો એન્જિનિયર ચેતનભાઈ ધરોડીયા, મોરબી જેલ અધિક્ષક ડી. એમ. ગોહિલ, જિલ્લા આયુર્વેદિક અધિકારી ડો. પ્રવીણભાઈ વડાવિયા, મેડિકલ ઓફિસર ચેતનભાઈ વારેવડીયા, તેમજ થાનગઢ વાંકાનેર, રાજકોટના પ્રજાપતિ સમાજના આગેવાનો અને દરેક ગામની શિક્ષણ સમિતિના સભ્યો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

